# ખેડબ્રહ્માની ખાનગી સ્કૂલમાં દરરોજ પરીક્ષા યોજાય છે પણ તંત્ર અજાણ

ખેડબ્રહ્મા

જીવલેણ કોરોના વાઈરસની દહેશત વચ્ચે સાવચેતીના ભાગરૂપે સરકાર દ્વારા રાજ્યની તમામ સ્કૂલ અને કોલેજો બંધ કરવાનો પરિપત્ર જારી કરાયો હોવા છતાં ખેડબ્રહ્માની શાલેમ ઇંગ્લિશ સ્કૂલના સંચાલકો ધ્વારા સ્કૂલ ચાલુ રાખી માસુમ બાળકોના જીવને જોખમ ઉભું કરી પરીક્ષા યોજી હતી. ખેડબ્રહ્મામાં ગત સોમવારથી શુકરવાર સુધી રાબેતા મુજબ ચાલુ હોવાનું બહાર આવ્યું છે, કોરોના વાઈરસને લઈને રાજ્યની શાળાઓ તથા કોલેજો તારીખ ૧૬/૦૩/૨૦૨૦થી ૨૯/૦૩/૨૦૨૦ સુધી બંધ રાખવા તા.૧૫/૦૩/૨૦૨૦ ના રોજ પરિપત્ર જાહેર કરતા રાજ્યની શાળા અને કોલેજ બંધ રાખવામાં આવી હતી. તેમ છતાં ખેડબ્રહ્મા શહેરના ભક્તિનગરમાં આવેલ શાલેમ ઇંગ્લિશ મિડિયમ સ્કૂલ સોમવારથી શુક્રવાર સુધી રાબેતા મુજબ કાર્યરત હોવાનું બહાર આવ્યું છે. ભાડના મકાનમાં ચાલતી સ્કૂલમાં ગુરુવારના ના રોજ ધોરણ ૯ ના ૭ વિદ્યાર્થઓની પરીક્ષા લેવામાં આવી હતી જ્યારે શુક્રવારે અન્ય બે વિદ્યાર્થીઓની પરીક્ષા ચાલુ હોવાનું



માલુમ પડતાં જયારે અમો રૂબરૂ જતાં ધો.૯ ના ૨ બાળકો પેપર લખી રહ્યા હતા જ્યારે શાળાના આચાર્ય અને શિક્ષીકાનો સ્ટાફ ઓફિસમાં બેસી બીજા પેપરની તૈયારી કરી રહ્યા હતા.

સ્કૂલના એક ભૂતપૂર્વ વિધાર્યથીના વાલી શુક્રવારના રોજ બાળકનું સર્ટિફિકેટ લેવા ગયા હતા અને પેપર ચાલુ હોઈ તેમણે જાગૃત નાગરિક તરીકે દિવ્યભાસ્કર્ને જાણ કરતાં સમગ્ર પ્રકરણ બહાર આવ્યું હતું, આ અંગે સ્કૂલની આચાર્ય સુઓમી બેન્ડિકટએ બે જ બાળકો હોઈ તેમની પરીક્ષા લીધી છે. અમો ૧૦ નો અભ્યાસ વહેલો ચાલુ કરતાં હોય પરીક્ષા લીધી છે. અને તેમણે સોમવારથી શાલ ચાલુ હોવાનું પણ સ્સ્વિકર્યું હતું.

આ અંગે ખેડબ્રહ્મા તાલુકા કેળવણી નિરીક્ષક આર.આર. પટેલ ના જણાવ્યા અનુસાર શહેરમાં સ્કૂલમાં પરીક્ષા ચાલુ હોય તેવી કોઈ માહિતી તેમની પાસે ન હોવાનું જાણવી પણ અમો તપાસ કરી જિલલકક્ષાએ જાણ કરી દઈશું તેવું જણાવ્યુ હતું.

# પાલનપુર નગરપાલિકા દ્વારા વધુ ૪ મિલ્કતો સીલ કરાઈ

## કડક વેરા વસુલાત ઝુંબેશ જારી : મિલ્કતો સીલ કરવાની કાર્યવાહીથી બાકીદારોમાં ફફડાટ



પાલનપુર

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા દ્વારા બાકી વ્યવસાય વેરા પેટ કડક વેરા વસુલાત ઝુંબેશ હાથ ધરી છે. પાલિકા એ રીઢા બાકીદારોની વધુ ૪ મિલ્કતો સીલ કરતા બાકીદારોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

પાલનપુર નગરપાલિકાએ વ્યવસાય વેરો ન ભરનાર ૩૦૦ જેટલા રીઢા બાકીદારોને અંતિમ નોટિસ પાઠવી હતી. આમ છતાં વ્યવસાય વેરો ન ભરતા રીઢા બાકીદારોની મિલ્કતો સીલ કરવાની કાર્યવાહી હાથ ધરાઈ છે. ત્યારે આજે વધુ ૪ દુકાનોને સિલ મારવામાં આવતા બાકીદારોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

## પાલનપુરમાં વિદેશથી આવેલા

# કોરોનાના શંકાસ્પદ દર્દી સામે પોલીસ કાર્યવાહી હાથ ધરાઈ

## ઓબ્ઝર્વેશન દરમિયાન વારંવાર દર્દી ભાગી જતાં પોલીસ બોલાવી દર્દીનો કબજો લેવાયો

પાલનપુર, તા.૨૦

હાલમાં વિશ્વભરમાં કોરોના વાયરસની મહામારી ચાલી રહી છે. ત્યારે ભારતમાં આ મહામારી વધુ પ્રમાણમાં ન પ્રસરે તે માટે સરકાર દ્વારા સમયસૂચકતા દાખવીને વિવિધ પગલાં લેવામાં આવી રહ્યા છે. ત્યારે પાલનપુરમાં વિદેશથી આવેલા એક દર્દીને શંકાસ્પદ કોરોના જણાતા હોસ્પિટલમાં ઓબ્ઝર્વેશન હેઠળ રાખવામાં આવેલ હતો. જે દર્દી ઓબ્ઝર્વેશન દરમિયાન વારંવાર ભાગી જતો હોઈ પોલીસ બોલાવી દર્દીનો કબજો લઈ હાલમાં ડીસા સિવિલમાં દેખરેખ હેઠળ દાખલ કરવામાં આવ્યો છે.

ભારતભરમાં કોરોના વાયરસની ઝપેટમાં લોકો ન આવે તે માટે સરકાર દ્વારા પગલાં લેવામાં આવી રહ્યા છે. ત્યારે પાલનપુરનો દર્દી ખુશાલભાઈ પટેલ રહે.રાધેશ્યામ સોસાયટી પાલનપુર વાળો ઈન્ડોનેશિયાથી એટલે કે વિદેશથી ગત તા.૧૧ માર્ચે ભારત આવેલ હોય તેને શંકાસ્પદ કોરોના જણાતાં પાલનપુર ખાતે હોસ્પિટલમાં તેને ઓબ્ઝર્વેશન હેઠળ રાખવામાં આવ્યો હતો.

જો કે, આ દર્દી ઓબ્ઝર્વેશન દરમિયાન વારંવાર ભાગી જતો હોય અને દુષણ ફેલાય તેવું કૃત્ય કરતો હોય અને વારંવાર ઘરમાંથી ભાગી ધાનેરા અને અમદાવાદ તરફ જતો રહેતો હોઈ આખરે આરોગ્ય વિભાગ દ્વારા આ દર્દી સામે પણ કાર્યવાહી કરવાની ફરજ પડી છે. જેમાં પોલીસ બોલાવીને દર્દીનો કબજો લેવાયો છે. અને હાલમાં ડીસા ની સિવિલ હોસ્પિટલમાં તેને દેખરેખ હેઠળ દાખલ કરવામાં આવ્યો છે. આમ કોરોના વાયરસના કહેર વચ્ચે દર્દી સામે પણ પોલીસ કાર્યવાહી કરવી પડે તેવી ફરજ તંત્રને પડી છે. ત્યારે સમગ્ર મામલે હવે લોકોને આ વાઈરસ ન ફેલાય તે માટે જાગૃતતા લાવવાની જરૂરિયાત જણાઈ રહી છે.

# તાલુકા અને જિલ્લા પંચાયતના પુર્વ સદસ્યોની ભારે મથામણ બાદ વડગામ તાલુકા પંચાયતનું બજેટ મંજૂર

વડગામ,

વડગામ તાલુકા પંચાયત ના સભા ખંડમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે તાલુકા પંચાયત ના પ્રમુખ સ્થાને બજેટ સભા યોજાઈ મંજૂર કરવામાં આવ્યું હતું.

વડગામ તાલુકા પંચાયતમાં ગુરુવારે બપોરના સામાન્ય સભા યોજાઈ હતી.જેમાં ૧૫.૮૬ લાખ ની પુરાંત વાળું હતી.તા.પં.ના મહિલા પ્રમુખે પણ ટી.ડી.ઓ.ની તરફેણ કરીને એ.સી.નહી ઉતરે તેવી વાત કરતા ઉત્તેજના છવાઈ હતી. સભામાં એ.સી.અને ગાડીના કાચ



હતી.જેમા બજેટ અંગેની ચર્ચાઓ કરીને સર્વાનુમતે મંજૂર કરવાની વાત કરાતાં જ થોડી વાર માટે વિપક્ષ તેમજ સત્તાધારી પક્ષના કેટલાક સદસ્યોએ બજેટ ના મંજૂર કરવા જણાવતાં તાલુકા પંચાયત માં ભારે હોબાળો મચી જવા પામ્યો હતો. થોડાક સમય બાદ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના પુર્વ સદસ્યો ની મધ્યસ્થી થી વડગામ તા. પ.નું ૧૫.૮૬.લાખ ની પુરાંત વાળું બજેટ સર્વાનું મતે બજેટ સર્વા નું મતે મંજૂર કરવામાં આવ્યું હતું. વડગામ તાલુકા પંચાયતના નાંદોત્રા બેઠકના સદસ્ય મુકેશભાઈ ચૌધરીએ ટી.ડી.ઓ.ની ચેમ્બરમાં તથા ગાડી માં લગાવેલ એ.સી.તથા ગાડીના કાળા કાચ ઉતારવાની વાત કરતાં બજેટ સભામાં ટી.ડી.ઓ.અને સદસ્ય વચ્ચે તુ...તૂ...મે...મે? ના દ્ર્શ્યો સર્જાયા હતા. અને ટી.ડી.ઓ એ હટાવવા ની હા ના કાની કરી ઉતારવા ની પક્કડ સદસ્યએ પકડતા લાંબી ચર્ચાઓ ચાલી હતી.

અંતે જિલ્લા પંચાયત ના પુર્વ સદસ્ય અજીતસિંહ હડીયોલ, તાલુકા પંચાયત ના પુર્વ પ્રમુખ પ્રવિણસિંહ હડીયોલ, પુર્વ ઉપ પ્રમુખ બળદેવજી ઠાકોર, વડગામ તાલુકા કોંગ્રેસ સમિતિ ના પ્રમુખ દેવુસિંહ ડાભી, જાકીરભાઈ (છનિયાણા) સહીત મધ્યસ્થી બનીને તાલુકા પંચાયતનું બજેટ મંજૂર કરાવાયું હતું.

# સાબરકાંઠા જિલ્લામાં ૧૯૮ પ્રવાસીઓ આઈસોલેશન વોર્ડમાં

હિંમતનગર, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લામાં કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા તેમજ તકેદારીના ભાગરૂપે લેવાયેલ પગલાની પ્રેસ કોન્ફરન્સમાં માહિતી આપતા સાબરકાંઠા કલેકટર સી.જે. પટેલે જણાવ્યું. નાગરિકોએ કોરોના વાયરસથી બિલકુલ ગભરાવવાની જરૂર નથી પરંતુ ભીડભાડવાળી જગ્યાએ જવાનું ટાળે તે જરૂરી છે.

કલેકટર કચેરી હિંમતનગર ખાતે યોજાયેલ પ્રેસ કોન્ફરન્સમાં વિગત આપતા કહ્યુ હતું કે કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા સાબરકાંઠા આરોગ્ય અને વહિવટીતંત્ર સજ્જ છે જેમાં જિલ્લાની સિવિલ હોસ્પિટલની પ્રાથમિક તપાસ કરી તેમાં ૬૦ પથારીની ક્ષમતાવાળો આઈસોલેશન વોર્ડ તૈયાર કરાયો છે. જરૂરીયાત જણાય અન્ય ચાર ખાનગી હોસ્પિટલના આઈસોલેશન વોર્ડનો ઉપયોગ કરવામાં આવશે. આ ઉપરાંત જો જિલ્લામાં શંકાસ્પદ કેસ જણાય તો તેના સંપર્કમાં આવેલ સબંધીઓને કોરોન્ટાઈન કરાશે જેના માટે હિંમતનગરની સમરસ હોસ્ટેલ, સાબર સ્ટેડિયમ અને પોલિટેકનક કોલેજ ખાતે અલાયદી સેવા ઉભી કરાશે. આ સાથે જિલ્લાના તમામ સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં પુરતી સુવિધાઓ અને દવાઓનો સ્ટોક ઉપલબ્ધ રાખી તાલીમબધ્ધ સ્ટાફને રાઉન્ડ ધ ક્લોક તૈનાત રાખવાનુ આયોજન કરાયું છે.

કલેકટરે સ્વચ્છતા પર ભાર મુકતા જણાવ્યું કે શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં પુરતી સાફ-સફાઈ અને સ્વચ્છતા રાખવામાં આવે તે જરૂરી છે. જેમાં જાહેર શૌચાલય, રેલવે બસ સ્ટેશન સહિતના જગ્યાએ સાફ સફાઈ હાથ ધરાઈ છે. તેમણે કહ્યું કે રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલી સૂચનાનો જિલ્લામાં અસરકારક અમલ થાય અને નાગરિકોને જાગૃત કરવામાં આવે તે જરૂરી છે. તેમજ સંક્રમિત વ્યકિતના થૂંકવાના કારણે આ રોગનો ફેલાવો થવાની શક્યતા રહેલી છે. જે ધ્યાને જાહેરમાં થૂંકવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે અને સાબરકાંઠા જિલ્લામાં જાહેર સ્થળોએ થૂંકનાર ૨૩૬થી વધુ લોકો પાસેથી રૂ. ૨૨૩૫૦થી વધુનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. કલેકટરે કહ્યું કે બધા લોકોએ માસ્ક પહેરવા જરૂરી નથી.

# મહેસાણા નગરપાલિકામાં ભગવો

મહેસાણા, તા. ૨૦

મધ્યપ્રદેશમાં કોંગ્રેસે પોતાની સત્તા ગુમાવી છે તેની સામે મહેસાણા નગરપાલિકામાં પણ કોંગ્રેસે પોતાની બહુમતી હોવા છતાં પણ પોતાના આંતરિક જૂથવાદને પગલે સત્તા હાંસલ કરવામાં માત મેળવી છે. મહેસાણા નગરપાલિકામાં ૫ વર્ષમાં ૬ પ્રમુખ બન્યા છે જેમાં ૭ માસમાં ભાજપે પોતાની સત્તા હાંસલ કરીને હવે નગરપાલિકામાં પોતાનું રાજ કમળ ખીલવીને મેળવી લીધું છે જ્યારે પૂર્વ લોકસભાના કોંગ્રેસના ઉમેદવાર એ.જે. પટેલની બહેન જે ઉપપ્રમુખ હતા તે સૂચક રીતે હાજર ન રહેતા આજે ૧૯ સભ્યો કોંગ્રેસના ભેગા મળીને અવિશ્વાસની દરખાસાત રજૂ કરી છે.

કોંગ્રેસ શાસિત મહેસાણા નગરપાલિકામાં અવિશ્વાસ દરખાસ્ત પ્રમુખપદેથી ઘનશ્યામ સોલંકીને દૂર કરાયા પછી ખાલી પડેલી પ્રમુખની જગ્યા માટે આજે પાલિકાના સભાખંડમાં પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં ચૂંટણી પાલિકા પ્રમુખ માટે કરવામાં આવી હતી. કોંગ્રેસના ત્રણ સભ્યો છેલ્લી ઘડીએ ભાજપમાં ગયા હતા. શરૂવાતમાં એક સભ્યને લેવા માટે કોંગ્રેસના સભ્યોએ પ્રયાસ કરતા રાજકારણ ગરમ થયું હતું પરંતુ સભ્યો ખૂટી જતા પ્રમુખપદ ભાજપના હાથમાં આજે આવ્યું છે. પ્રમુખની બેઠક અનુસૂચિત જાતિ માટેની હતી. કોંગ્રેસમાં અનુસૂચિત જાતિના ચાર, જ્યારે ભાજપમાં બે કોર્પોરેટરો હતા. કોંગ્રેસમાંથી શારદાબેનનું નામ



મેન્ડેડમાં આવ્યું હતું જયારે ભાજપમાં નવીન પરમારનું નામ આજે પ્રમુખ માટે આપવામાં આવ્યું હતું. હાલ પાલિકામાં ૪૩ સભ્યો પૈકી કોંગ્રેસમાં ૨૩ અને ભાજપ પાસે કોંગ્રેસમાંથી આવેલા ૫ સહિત છે જે જોતા તેમની સભ્ય સંખ્યા ૨૦ સભ્યોની છે જેમાં ભાજપે બે દિવસ અગાઉ ત્રણેક કોંગી પાટીદાર સભ્યો જતા આજે પાલિકા પ્રમુખ ભાજપના બનવા ગયા છે. જ્યારે કોંગ્રેસના સૂચક રીતે પાલિકા પ્રમુખ પુરીબેન પટેલ હાજર ન રહેતા તેમની સામે સવાલો ઉભા કરવામાં આવ્યા હતા. પાલિકા પ્રમુખ નવીન પરમારે હીરાલાલ પરમાર કોંગ્રેસ સાંસદના પુત્ર છે નવીન પરમાર ભાજપ નવીન પાલિકા પ્રમુખે જણાવ્યું હતું. મહેસાણા નગરપાલિકામાં પાલિકા પ્રમુખની આજે ચૂંટણી યોજવામાં આવી હતી પાલિકા પ્રમુખ માટે બંને પક્ષે એડીચોંટીનું જોર લગાવ્યું હતું. ચાલતાં પોલીસ બંદોબસ્ત વચ્ચે મતદાન પાલિકા પ્રમુખ માટે કરવાની તજવીજ શરૂ કરાઈ હતી. ભાજપની બોડીમાં ૩ કોંગ્રેસી સભ્યો સીટ પર બેસ્યા હતા. જેમાં ભાજપ સત્તા લેવા માટે પ્રથમ થીજ મક્કમ હતું બને પક્ષોએ વહીપ સભાખાંડ માં વાંચ્યું હતું. વહીપમાં શારદાબેનનું નામ કોંગ્રેસે પ્રમુખ માટે તો ભાજપે વિહિપમાં પ્રમુખ માટે નવીન પરમારનું નામ જાહેર કર્યું હતું જેમાં કોંગ્રેસના શારદાબેન પરમારને કુલ ૧૯ મત મળ્યા હતા જયારે ભાજપના કુલ ૨૩ મત નવીનભાઈ પરમારને મળતા મહેસાણા પાલિકામાં ભાજપે પોતાનું કમળ મધ્યપ્રદેશ બાદ મહેસાણા પણ મેળવી લીધું હતું. નવીન પરમાર પ્રમુખ બનતાની સાથે જ ભાજપમાં નવીન પરમારે પાલિકા પ્રમુખનો ચાર્જ આજે જ કોરોના વાયરસના પગલે લઈ લીધો હતો અને આજથી જ સત્તા સંભાળી લીધી હતી. ભાજપે કોંગ્રેસની બહુમતીને તોડીને ભાજપના પ્રમુખ બનાવી પાલિકાની સત્તા હાંસલ કરી જેવા આક્ષેપ સાથે પાલિકા કોંગ્રેસના ઉપ પ્રમુખ હાજર ન રહેતા તેમની સામે કોંગ્રેસના ૧૯ સભ્યોએ અવિશ્વાસની દરખાસત સાથે વહેંચાણ સંઘના આક્ષેપ કોંગ્રેસે ભાજપ પર કર્યા હતા. ઘનશામ સોલંકી કોંગ્રેસ કોર્પોરેટર એ જણવ્યું હતું મધ્યપ્રદેશમાં કોંગ્રેસના આંતરિક વિખવાદ બાદ મહેસાણા નગરપાલિકામાં આજે કમલ ખીલતા આજે મહેસાણા નગરપાલિકાનું રાજકારણ ફરીવાર ગરમ થયું છે. હવે પાલિકા પ્રમુખ બાદ ઉપ પ્રમુખ સાથે અન્ય વિકાસના કામો પર ભાજપ ન લોકો પોતાની સત્તા મેળવશે સાથે કોંગ્રેસના સભ્યો જે હાલમાં ભાજપ પાસે આવ્યા છે તે ચેમરેં પદ મેળવીને હવે ૭ માસ માટે પણ પાલિકા ભાજપની બની રહેશે અને મહેસાણાનું કામ વિકાસનું કરશે તેવું ગણું હાલમાં ભાજપના નવીન પરમારે જણાવ્યું હતું.

# ડીસામાં કોરોનાથી સાવચેતી રાખવા ઉત્તર પોલીસની પહેલ

## પોલીસ મથકની બહાર વોસબેસિંન લગાવાયું : પોલીસ અને અરજદારોને હાથ ધોઈ પ્રવેશ કરવા તાકીદ

સમગ દુનિયામાં કોરોના વાઈરસને લઈ ભયનો માહોલ ફેલાયો છે સરકાર દ્વારા




સાવચેતી રાખવા માટે અવાર નવાર લોકોને સુચનાઓ આપવામાં આવી રહી છે ત્યારે ડીસા ઉત્તર પોલીસ મથકના પી.આઈ.જે. વાય. ચૌહાણ દ્વારા કોરોના વાયરસની મહામારીથી બચાવ માટે ડીસા શહેર ઉત્તર પોલીસ સ્ટેશનને પોલીસ સ્ટાફના સહયોગથી પોલિસ મથકની બહારના ભાગે સેનેટાઈઝ કરી પોલીસ સ્ટેશનના પ્રવેશદ્વાર ઉપર લગાવેલ વોશબેસીનમાં તમામ કર્મચારી તથા મુલાકાતીઓ પોતાના હાથ ધોઈ પોલિસ સ્ટેશનમાં પ્રવેશ કરે તે રિતે આરોગ્ય વિભાગ દ્વાર આપવામા આવેલ સુચનાઓની અમલવારી થાય તે રીતની સૌ પ્રથમ પહેલ કરી એક નવતર પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. જેનું હર કોઈ અનુકરણ કરે તો કોરોના વાયરસથી જરૂર બચી શકાય તેમ છે.



# ડીસાના લૂણપુર ગામેથી વિદેશી દારૂ ઝડપાયો

ડીસા તાલુકા પોલીસના જવાનો પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન ખાનગી રાહે બાતમી મળેલ કે લૂણપુર ગામે વિદેશી દારૂ વેચાઈ રહ્યો છે જેના પગલે તાલુકા પોલીસ દ્વારા રેડ કરતા રામસિંગ બળવતસિંગ સોલંકીના પોતાના ખેતરમાં ઉકરડામાં રાખેલ વિદેશી દારૂની ત્રણ પેટી અને બિયરના ટીન ૧૪૧ મળી (જેની કિંમત રૂ. ૧૬૫૦૦) અને મોબાઈલ ફોન સહિતના મુદ્દામાલ મળી કુલ રૂ. ૨૧૫૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી આરોપી રામસિંગ બળવતસિંગ સોલંકી સામે પ્રોહીબિશન કલમ હેઠળ ગુનો નોંધી જેલ હવાલે કર્યો હતો.







## ધાનેરામાં વિવિધ સંસ્થાઓ દ્વારા આયુર્વેદિક ઉકાળાનું વિતરણ

કોરોના વાઈરસને લઈ સમગ્ર દુનિયામાં ભયનો માહોલ જોવા મળ્યો છે ત્યારે લોકો આ વાયરસથી ન સપડાય તેના માટે પણ તકેદારી રાખી રહ્યા છે તો બીજી તરફ વિવિધ સેવા સંગઠનો અને સંસ્થાઓ દ્વારા લોકો આ રોગથી બચી શકે તે માટે વિવિધ ઉપાયો કરવામાં આવે છે ત્યારે આજે ધાનેરામાં પણ વિવિધ સંસ્થાઓ અને સેવા સંગઠનો દ્વારા આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું જેમાં ધાનેરામાં નવથી દસ જગ્યા પર આયુર્વેદિક ઉકાળો લોકોને આપવામાં આવ્યો હતો અને મોટી સંખ્યામાં લોકોએ આ ઉકાળાનો લાભ લીધો હતો.

# ખેડબ્રહ્મા જ્યોતી હાઈસ્કુલમાં કોરોના વાયરસ જાગૃતિ અભિયાન

ખેડબ્રહ્મા ની સંત શ્રી નથ્થુરામબાપા જ્યોતિ વિદ્યલાય ધ્વારા કોરોના વાયરસ વિરુદ્ધ જાગૃતિ અભિયાન અંતર્ગત શાળા પરિવાર ધ્વારા પેમફ્લેટ તૈયાર કરી વિદ્યાર્થીઓ અને. વાલીઓનો સંપર્ક કરી વાયરસ ન ફેલાય તે માટેના ઉપાયો જણાવ્યા હતા શાળાના આચાર્ય સુરેશભાઈ પટેલે શિક્ષકોની ટિમો બનાવી શુકવાર સવારે વોર્ડ પ્રમાણે પ્રસ્થાન કરાવ્યું હતું. લોકોમાં જાગૃતિઆવે અને અફવાઓથી દૂર રહેવા પણ સુચન કરવામા આવ્યું હતું.

# ધાનેરા નગરપાલિકાએ ૩૦૦ લોકો સહીત સરકારી કચેરીઓને પણ વેરો ભરવા માટે નોટિસ આપી

ધાનેરા નગરપાલિકા દ્વારા બાકીદારો સામે કડક કાર્યવાહી હાથ ધરી છે જેમાં ૩૦૦ જેટલા લોકોને નોટિસ ફટકારવામાં આવી છે તો તો બીજી તરફ ધાનેરાની મોટાભાગની સરકારી કચેરીઓના પણ વેરા બાકી હોવાથી સરકારી કચેરીઓને પણ ધાનેરા નગરપાલિકા એ નોટિસ ફટકારી છે.ધાનેરાના શહેરી વિસ્તારમાં ૩૦૦૦ જેટલા લોકોનો વેરોબાકી હોવાથી આજે ધાનેરા નગરપાલિકા દ્વારા તમામ લોકો સામે કાર્યવાહી કરવામાં આવી છે જેમાં ૩૦૦ જેટલા લોકોને નોટિસ ફટકારવામાં આવી છે તો અન્ય લોકોને નોટિસ આપવાની કાર્યવાહી ચાલુ છે તો બીજી તરફ વાત કરવામાં આવે ધાનેરા માં આવેલ સરકારી કચેરીઓ ની તો લોકોની સાથે સાથે ધાનેરાની મોટાભાગની સરકારી કચેરીઓનો પણ વેરો બાકી છે ત્યારે ધાનેરા નગરપાલિકા એ તમામ સરકારી કચેરીઓને પણ નોટિસ ફટકારી છે.